## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં શિક્ષક સંઘનું આવેદનપત્ર



ભરૂચ: ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક મહાસંઘ દ્વારા વર્ષ-2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને TET પરીક્ષામાંથી કાયમી મુક્તિ આપવાની માંગણી સાથે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરાયું હતું. તાજેતરમાં 29 મે, 2026 ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા બાદ વર્ષ-2010 પહેલાં નિમણૂક પામેલા શિક્ષકો માટે પણ TET ફરજિયાત બનવાની સ્થિતિ ઊભી થઈ છે. આ નિર્ણયથી દેશભરના લાખો વરિષ્ઠ શિક્ષકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### તડકેશ્વર નજીક કલર લેમ્પ કંપનીના સ્ટોરેજ કમ્પાઉન્ડમાં આગ


હિતેશ પટેલ

માંડવી: કીમ-માંડવી રોડ પર તડકેશ્વર નજીક આવેલી કલર લેમ્પ કંપનીના સ્ટોરેજ કમ્પાઉન્ડમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતાં ભારે દોડધામ મચી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. સદનસીબે આ ભીષણ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, સ્ટોરેજ કમ્પાઉન્ડમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

### ભરૂચમાં મર્ડર કેસમાં મુખ્ય આરોપીનાં એક દિવસનાં રિમાન્ડ મંજૂર



ભરૂચ: ભરૂચ શહેરમાં પારિવારિક વિવાદમાં પુત્રવધૂ અલીફિયા અને તેની માતા શહેનાઝ નમકવાલાની ક્રૂર હત્યા કરનાર 70 વર્ષીય ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલાની પોલીસે ધરપકડ કરી છે. હોસ્પિટલમાંથી રજા મળતાં જ પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી ચાર દિવસનાં રિમાન્ડની માંગણી કરી હતી, પરંતુ કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં. પ્રાથમિક તપાસ મુજબ આરોપીએ બંને મહિલાઓ પર ચપ્પુના 67થી વધુ ઘા ઝીંક્યા હતા અને બાદમાં પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. વયોવૃદ્ધ આરોપીએ એકલા હાથે આ કૃત્ય આચર્યું કે આ ઘટનામાં અન્ય કોઈની સંડોવણી કે ષડયંત્ર હતું, તે દિશામાં પોલીસ મોબાઈલ કોલ ડિટેઈલ્સ અને ટેક્નિકલ પુરાવાના આધારે તપાસ ચલાવી રહી છે.

### ગ્રાસીમ વિલાયતે HIV/AIDS પીડિત 80 બાળકને શૈક્ષણિક કિટ વિતરણ કરી

ભરૂચ: ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વિલાયત દ્વારા તેના CSR વિભાગ હેઠળ 'પ્રોજેક્ટ સમ્માન'નો અનોખો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેનો હેતુ HIV/AIDSથી અસરગ્રસ્ત બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડી તેમના જીવનમાં સમ્માન અને આત્મવિશ્વાસ લાવવાનો છે. આ પહેલ હેઠળ ભરૂચ જિલ્લાના 19 ગામોના 80 જરૂરિયાતમંદ બાળકોને રોટરી ક્લબ ભરૂચ ખાતે શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કિટમાં ટિફિન બોક્સ, વોટર બોટલ, કંપાસ, પેન-પેન્સિલ બોક્સ, સ્કેચ પેન બોક્સ, નોટબુક અને સ્કૂલ બેગ જેવી સંપૂર્ણ શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી આ બાળકો આખું વર્ષ નિ:શુલ્ક અભ્યાસ કરી શકે. આ કાર્યક્રમ ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વિલાયત અને BDNP+ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રાસીમના યુનિટ હેડ આર. રામ કુમાર, વાઈસ પ્રેસિડેન્ટ નિમેષ જાદવ, આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ (CSR) રેણુ માથુર, હેડ CSR સતીષ ભૂવીર, AGM CSR હેમરાજ પટેલ અને તરંગ પરમારની ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત BDNP+ સંસ્થાના અધિકારીઓ, રોટરી ક્લબના પ્રમુખ અને આરોગ્ય વિભાગના સરકારી અધિકારીઓએ પણ સહભાગિતા કરી હતી. આ પ્રસંગે 6 અનાથ, 13 એકલપેરન્ટ તથા 61 અન્ય પીડિત બાળકોને આ સહાય પૂરી પાડવામાં આવી હતી.

### અંકલેશ્વરમાં રક્તદાન અને નિ:શુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરની ઓએનજીસી ટાઉનશિપ ખાતે મુદિતા ચેરિટેબલ ટ્રસ્ટ, હરિઓમ સોલાર ફાઉન્ડેશન, AISCSTEWA, ઓએનજીસી અંકલેશ્વર એસેટ, ફેમિલી ફિઝિશિયન્સ એસોસિયેશન અને સરદાર પટેલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન, નિ:શુલ્ક નેત્ર અને સર્વાંગી આરોગ્ય તપાસ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ઓએનજીસીના કર્મચારીઓ, CISFના જવાનો અને સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. આ પ્રસંગે ઓએનજીસી એસેટ મેનેજર જે.એન.સુકાનંદન, AISCSTEWAના ચેરમેન અમિતકુમાર વસાવા તેમજ અન્ય સહયોગી ટ્રસ્ટીઓનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ભરૂચમાં વૃદ્ધાએ સાઇકલ ચલાવવા મુદ્દે ટકોર કરતાં પડોશીનો હુમલો

ભરૂચ: ભરૂચ શહેરના કસક કુવારા પાસે મેઘવાડ સોસાયટીમાં બાળકને ધીમે સાઇકલ ચલાવવાની ટકોર કરનારા 75 વર્ષીય વૃદ્ધાને પાડોશીએ પ્લાસ્ટિક બેટ વડે માથામાં મારી ઈજા પહોંચાડી હતી. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી, જે બાદમાં વાયરલ થતાં પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો છે. મેઘવાડ સોસાયટીના મકાન નં-12માં નિવૃત્ત વીણાબેન નરેશભાઈ કટારીયા પોતાના ઘરે ખુરશી પર બેસીને શાકભાજી સાફ કરી રહ્યાં હતાં. ત્યારે સોસાયટીના પ્રકાશભાઈ મુલજીભાઈ સાગ્દ્રાનો દીકરો ત્યાં સાઇકલ ચલાવી રહ્યો હતો. આ જ બાળકે અગાઉ પણ વીણાબેનનો પાણીનો નળ તોડી નાંખ્યો હતો, જેથી વીણાબેને તેને સાઇકલ દૂર ચલાવવાની સલાહ આપી હતી. આ વાત સાંભળીને પ્રકાશભાઈ સાગ્દ્રા ઉશ્કેરાઈ ગયા અને પ્લાસ્ટિક બેટ લઈને વીણાબેન પર ધસી આવ્યાં હતાં. તેમણે અપશબ્દો બોલી વૃદ્ધાને માથામાં બેટ મારતાં તેમના માથેથી ચામડી છોલાઈ ગઈ અને લોહી નીકળવા લાગ્યું હતું. વીણાબેનની બૂમાબૂમ સાંભળી સોસાયટીના અન્ય લોકો દોડી આવ્યા, ત્યાં સુધીમાં આરોપી ત્યાંથી જતો રહ્યો. જતાં જતાં તેણે ધમકી આપી કે, "આજે તું બચી ગઈ છે, પણ હવે પછી મારા છોકરાને સોસાયટીમાં કઈ કહેશે તો જાનથી મારી નાંખીશ." ઈજાગ્રસ્ત વીણાબેનને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ ઘટનાનો CCTV વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે ગંભીરતાપૂર્વક નોંધ લીધી હતી. ભરૂચ સી ડિવિઝન પોલીસે આરોપી પ્રકાશભાઈ સાગ્દ્રા સામે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી દીધી છે.

# બારડોલી નગર પાલિકા સભામાં મેન્ડેટ બાબતે કોંગ્રેસનો હોબાળો

**સંગઠન** હોદ્દેદારોએ જ સમિતિના અધ્યક્ષો અને સભ્યોની યાદી જાહેર કરી દીધી

**પ્રમુખ**-ઉપપ્રમુખની વરણી બાદ પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના કરાઈ



#### વિવિધ સમિતિના અધ્યક્ષ

કારોબારી સમિતિ - જેનીશ ભંડારી, ટાઉન ડેવલપમેન્ટ સમિતિ - કૃણાલ પંડ્યા, જાહેર બાંધકામ સમિતિ - સરોજ પટેલ, આરોગ્ય સમિતિ - જિજ્ઞેશ રાઠોડ, પાણી સમિતિ - સારંગ પટેલ, ભૂગર્ભ ગટર સમિતિ - વિપુલ મૈસુરિયા, કેબિન દબાણ સમિતિ - ભરત ભરવાડ, સામાજિક સમિતિ - સતીશ રાઠોડ, રોશની સમિતિ - યોગીતા મિસ્ત્રી, મહિલા બાળકલ્યાણ અને સાંસ્કૃતિક સમિતિ - કૃષ્ણ ચૌહાણ, ગુમાસ્તાધારા સમિતિ - કામિની જોશી, આકારણી સમિતિ - ચીન્ટુ પટેલ, વાહન વ્યવહાર સમિતિ - શૈલેષ ગામીત, મહેકમ સમિતિ - કિશોર પટેલ

બારડોલી: બારડોલી નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી બાદ ગુરુવારે પ્રથમ સામાન્ય સભા નવનિયુક્ત પ્રમુખ નીલમ વ્યાસના અધ્યક્ષ સ્થાને મળી હતી. જો કે, સભા સમયે જ મેન્ડેટ લઈને આવેલા ભાજપ સંગઠનના હોદ્દેદારોએ સભાખંડમાં જ સમિતિના અધ્યક્ષો અને સભ્યોના નામની યાદી જાહેર કરતાં કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો.

નિયમો વિરુદ્ધ સંગઠનના હોદ્દેદારો સભાખંડમાં આ રીતે યાદી જાહેર કરી ન શકે એવો આરોપ લગાવ્યો હતો. જેને લઈને સભાખંડનું વાતાવરણ ગરમાયું હતું. જો કે, આ મામલે ચીફ ઓફિસર પર ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી નગરપાલિકાની સામાન્ય સભા ગુરુવારના રોજ પ્રમુખ નીલમ વ્યાસના અધ્યક્ષ સ્થાને પાલિકા સભાખંડમાં મળી હતી, જેમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ-1963ની કલમ 53 અન્વયે કારોબારી સમિતિની રચના તેમજ કલમ 55 અન્વયે વિવિધ કમિટીની રચના કરી તેના અધ્યક્ષોની વરણી કરવા બાબતે ચર્ચા કરવાની કે ત્રણ વાગ્યે સભા હોવા છતાં સુરત જિલ્લા ભાજપના મહામંત્રી જગદીશ પારેખ મેન્ડેટ લઈને આવી સભાના સમયે જ સભાખંડમાં સમિતિના અધ્યક્ષો અને સભ્યોની યાદી વાંચવાની શરૂ કરી દીધી હતી. આ કામગીરી પ્રમુખે કરવાની હોય છે તેની જગ્યાએ મિટિંગના સમયે સંગઠનના હોદ્દેદારે કરતાં કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો અને તેને નિયમ વિરુદ્ધ ગણાવ્યું હતું. જગદીશ પારેખે નામ વાંચી ગયા બાદ વિધિવત શરૂ થયેલી સામાન્ય સભામાં પ્રમુખ દ્વારા ફરીથી તમામ નામોની જાહેરાત કરવામાં આવી હતી અને કારોબારી સમિતિ સહિત 14 જેટલી સમિતિની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત મિટિંગમાં નગર રચના યોજના નં.4ની એવોર્ડ પહેલાની યોજનાની દરખાસ્તને પરામર્શ આપવામાં આવ્યું હતું.

નિયમોનુસર સમિતિના અધ્યક્ષોનાં નામ કોઈ ચુંટાયેલા સભ્યોએ કે શાસક પક્ષના સભ્યએ દરખાસ્ત મૂકવાની હોય છે અને દરખાસ્તને સભા મંજૂરી આપતી હોય છે. પરંતુ આજની સામાન્ય સભામાં આવા કોઈ નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું અને પાલિકાના પ્રમુખ સીધા જ નામોની યાદી વાંચી ગયા હતા.

# ગરીબોને આપવામાં આવતું સરકારી મીઠું ગટરમાં ફેંકી દેવાયું

**કઠોદરા**-કોસંબા માર્ગ પર મોટી માત્રામાં મીઠાની થેલીઓ મળી


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કઠોદરાથી કોસંબા તરફ જતા ગાયકવાડી માર્ગ પર આવેલી ગટરમાં સરકારી જાહેર વિતરણ પ્રણાલી (રેશન) હેઠળ ગરીબોને આપવામાં આવતું મીઠું મોટી માત્રામાં મળી આવતાં વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. ગટરમાં મીઠાની થેલીઓથી ભરેલા અનેક કટ્ટા પડેલા જોવા મળ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબની થેલીઓ વર્ષ-૨૦૨૬ના પેકિંગ ધરાવતી હોવાનું સામે આવ્યું છે. ગરીબોને માત્ર ૧ રૂપિયા પ્રતિ કિલોના દરે આપવામાં આવતું આ મીઠું ગટરમાં કેવી રીતે પહોંચ્યું અને કોણે ફેંક્યું તે હાલ તપાસનો વિષય બન્યો છે. ઘટનાની જાણ થતાં પુરવઠા વિભાગના અધિકારીઓ હરકતમાં આવ્યા હતા અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. મીઠાનો જથ્થો ક્યાંથી આવ્યો, તેનું વિતરણ થયું હતું કે નહીં અને તેમાં કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ તે સહિતના તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના સામે આવતા જાહેર વિતરણ પ્રણાલીની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. ગરીબોને મળવાપાત્ર જીવનજરૂરી ચીજવસ્તુઓનો આ રીતે બગાડ થવો ગંભીર બાબત હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાની હકીકત અને જવાબદારો સામે આવશે.

### ધંતુરિયા ગ્રા. પંચાયતે મંદિર પાસેથી કચરો હટાવી રેલવે સ્ટેશન પાસે ઠાલવ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના ધંતુરીયા ગામમાં ગ્રામ પંચાયતની કચરા નિકાલ અંગેની કામગીરી સામે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. ગામના ઐતિહાસિક શિવ મંદિરની સામે લાંબા સમયથી કચરાના ઢગલા પડ્યા હોવા છતાં પંચાયત દ્વારા યોગ્ય કાર્યવાહી ન થતાં ગ્રામજનોએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી. ફરિયાદના પગલે કલેક્ટર કચેરી દ્વારા ગ્રામ પંચાયતને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ પંચાયત તંત્ર હરકતમાં આવ્યું અને મંદિરની સામેનો કચરો તાત્કાલિક દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. જો કે, ગ્રામજનોના આક્ષેપ મુજબ કચરાનો યોગ્ય નિકાલ કરવાને બદલે તેને ગામના રેલવે સ્ટેશન નજીક મુખ્ય માર્ગની બાજુ આવેલી ખુલ્લી જગ્યામાં ઠાલવી દેવાતાં ત્યાંના રહીશોમાં પણ નારાજગી જોવા મળી રહી છે.

## નેત્રંગમાં બિનઅધિકૃત ખનીજ વહન સામે કાર્યવાહી

**અંદાજે** રૂ.૧ કરોડના મુદ્દામાલ સાથે બે ટ્રક સીઝ કરાઈ


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં માટી, રેતી અને કપચીના વહનની પ્રવૃત્તિ ખૂબ જ ફાલીફૂલી છે. આ ગેરકાયદે પ્રવૃત્તિને અંકુશમાં લાવવા માટે મામલતદાર કલ્પેશ બી. ગળિયા (GAS)ના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન નેત્રંગ-ઝંખવાવ રોડ પર કંબોડિયા ગામના પાટિયા પાસેથી રોયલ્ટી પાસ કરતાં વધુ ઓવરલોડ ખનીજ ભરેલી એક ટ્રક (GJ-15-AV-9661) ઝડપાઈ હતી. જ્યારે નેત્રંગ-રાજપારડી રોડ પરથી કોઈપણ રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત ખનીજ વહન કરતી અન્ય એક ટ્રક (GJ-22-V-2587) પકડાઈ હતી. તંત્ર દ્વારા અંદાજે ૧ કરોડનો મુદ્દામાલ સીઝ કરી, બંને ટ્રકને નેત્રંગ પોલીસ કસ્ટડી હેઠળ મામલતદાર કચેરી ખાતે સુરક્ષિત રાખવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા ખનીજ ચોરો સામે ભવિષ્યમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## તાપીમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો વિરોધ

વ્યારા: તાપીમાં કલેક્ટર કચેરીની બહાર અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૨૩ ઓગસ્ટ 2010 પહેલા નિયુક્ત થયેલા તમામ શિક્ષકોને ટેટની ફરજિયાત મુક્તિ આપવા સહિત આવા શિક્ષકોની સેવા, વરિષ્ઠતા, બઢતી, અને તમામ સેવા લાભોને સંપૂર્ણ સંરક્ષણ આપવાની માંગ કરવામાં આવી હતી. તેમજ જરૂરિયાત જણાય તો સંસદમાં યોગ્ય કાયદાકીય સુધારો અથવા વિશેષ જોગવાઈઓ કરી આ વર્ગને કાયમી ધોરણે યોગ્ય રાહત આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી. સાથે જિલ્લા સેવા સદનના ગેટ નજીક ધરણા પ્રદર્શન કરી વિવિધ પ્રશ્નોને લઈને તાપી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### અંદાડા ગામે ગેસ લાઈનમાં ભંગાણ

અંકલેશ્વર: અંકલેશ્વરના અંદાડા ગામ ખાતે કૃષ્ણા પાર્ક-૨ સોસાયટી સામે ડીજીવીસીએલ દ્વારા અંડરગ્રાઉન્ડ વીજ લાઈન નાંખવાની કામગીરી દરમિયાન ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, સંબંધિત વિભાગોની સમયસરની કામગીરીને કારણે કોઈ જાનહાનિ કે અનિચ્છનીય ઘટના બની નહોતી.

Milano MULTIPLEX
બારડોલી
Cocktail 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm,10:00pm
Jindagi Once More
Gujarati 02:00pm, 09:30pm
Toy Story 5-Hindi
11:00am, 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



અભિનંદન
બારડોલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી (APMC) ના પ્રમુખપદે બિનહરીફ વરણી થવા બદલ કડોદ નગર તેમજ રાજપૂત સમાજનું ગૌરવ અને પ્રખર સહકારી, રાજકીય, સામાજિક તથા ખેડૂત આગેવાન શ્રી પ્રતાપસિંહ વજેસિંહ દેસાઈ (પીઠાવાલા)ને ખૂબ-ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કાર્યકાળ માટે અનંત શુભેચ્છાઓ...
ખેડૂત હિતાર્થે આપનું નેતૃત્વ સદાય પ્રગતિશીલ રહે તેવી શુભકામના....
શ્રી કડોદ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળી લિ.ના તમામ બોર્ડ સભ્યો તથા કર્મચારીગણ અને સભાસદ વતી ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.
શ્રી પિનાકીન રાયચંદ શાહ - ઉપપ્રમુખ • મેનેજર વિનોદભાઈ ડી. પટેલ
શ્રી મનીષકુમાર ભગીરથસિંહ દેસાઈ • શ્રી વિનયકુમાર બાલુભાઈ પ્રજાપતિ
શ્રી ધ્વનીકુમાર રાજેન્દ્રભાઈ ભાવસાર • શ્રી સંજય જગદીશકુમાર ભાવસાર
શ્રી પરેશભાઈ બાલુભાઈ ટીંમર • શ્રી મહેશભાઈ જગદીશભાઈ પ્રજાપતિ
શ્રી જીતેન્દ્રભાઈ ફુલચંદ સોની • શ્રી સુનિલભાઈ કુમુદભાઈ મિસ્ત્રી
શ્રી અનિલભાઈ છનાભાઈ કંથારીયા • શ્રી રાજુભાઈ હીરાભાઈ પટેલ
શ્રી નિપુલકુમાર શાંતિલાલ પટેલ • શ્રી ધીરજભાઈ નાનુભાઈ પટેલ
શ્રી કિરીટભાઈ છગનભાઈ પટેલ • શ્રી સમીરકુમાર નટવરભાઈ ધનગર
શ્રીમતી શીતલબેન ઉદયભાઈ દેસાઈ • શ્રીમતી દિપીકાબેન ધર્મેશભાઈ શાહ

## સંક્ષિપ્ત સમાચાર

### બૌધાન ગામે સુરત ડિસ્ટ્રિક્ટ બેંકની 117મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી


હિતેશ પટેલ

માંડવી: ખેડૂતો અને સહકારી ક્ષેત્રની જીવાદોરી સમાન 'ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ.'એ સફળતાપૂર્વક ૧૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૧૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ ગૌરવપૂર્ણ અવસરે માંડવી અને અરેઠ તાલુકાનાં વિવિધ ગામોમાં ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા. જે અંતર્ગત બૌધાન ગામે બેંકના ડિરેક્ટર નરેન્દ્રસિંહ મહિડાના અધ્યક્ષ સ્થાને વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં તેમના હસ્તે કેક કાપી ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં સહકારી મંડળીઓના પ્રમુખો વિજયભાઈ પટેલ અને સુભાષ પાંચમાયા સહિત રાહુલ શાહ, હેમંતભાઈ મોદી, રામભાઈ ભરવાડ, અમરભાઈ પટેલ, મનોજ કુલાણી, ઈશ્વરભાઈ પટેલ તથા મંથન શાહ જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાખા મેનેજર દીપકકુમાર પટેલ અને સ્ટાફ દ્વારા સંચાલિત આ પ્રસંગે તમામ મહાનુભાવો અને ગ્રાહકોએ બેંકને શુભેચ્છાઓ પાઠવી હતી.

### અંકલેશ્વરમાં ગેરકાયદે રેતી પરિવહન

અંકલેશ્વર: અંકલેશ્વરમાં રેતીનું ગેરકાયદે વહન કરતી બે ટ્રક ઝડપી લેવાઈ હતી. આ કાર્યવાહી દરમિયાન ટ્રકો સહિત આશરે રૂ.70 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. અંકલેશ્વરના મામલતદાર રાજન વસાવા અને તેમની ટીમ દ્વારા વાલિયા ચોકડીથી પાનોલી વચ્ચે આવેલા નેશનલ હાઇવે નં.48 પર વિશેષ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન કુલ 15થી વધુ વાહનોની તપાસ કરતાં બે ટ્રકોમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી હતી.

### અંકલેશ્વરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

અંકલેશ્વર: ભરૂચ જિલ્લા એલસીબી પોલીસે અંકલેશ્વરના સુપર માર્કેટ પાછળ ભડકોદ્રા ગામની સીમમાં ઓ.એન.જી.સી. વેલની દીવાલ નજીક ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે જુગાર રમતા ત્રણ શખ્સ સલાઉદીન શેખ, મુદ્દસર ખાન અને મોહમ્મદ રાસીદ સિદ્દીકીને ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૨૯ હજારની રોકડ રકમ અને ૩ મોબાઈલ ફોન મળી ૪૯ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### સારંગપુરની ગાંધી માર્કેટમાં મારામારી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામ સ્થિત ગાંધી માર્કેટ વિસ્તારમાં અગાઉના ઝઘડાની અદાવતમાં ત્રણ યુવાન પર ચાર શખ્સોએ લોખંડની પાઇપ અને લાકડાના સપાટા વડે જીવલેણ હુમલો કર્યો હતો. લાકડાના વેપાર સાથે સંકળાયેલા નિસાર અહેમદના ભાઈને માર માર્યા બાદ, સમાધાન માટે ગયેલા અન્ય યુવાનો હમીદ, મોહમ્મદ ઉસ્માન અને ઇમ્તિયાઝ પર અનસ, તેના સાળા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણેય યુવાનો ઘાયલ થયા છે. ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી છે, જેના આધારે જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### કવચીયામાં જમીનના ઝઘડામાં મારામારી

નેત્રંગ: કવચીયા ગામે વડીલોપાર્જિત ખેતરમાં જેસીબીથી રસ્તો બનાવવાના મુદ્દે એક જ પરિવારનાં બે જૂથ વચ્ચે ધીંગાણું થયું હતું. સંયુક્ત જમીનના ભાગ પડી ગયા હોવા છતાં, સામા પક્ષના વાંકલના નિતેશ ચૌધરી અને કવચીયાના અક્ષય ચૌધરીએ બીપીનભાઈ ચૌધરીના ભાગના ખેતરમાં પરવાનગી વગર રસ્તો બનાવવાનું શરૂ કર્યું હતું. બીપીનભાઈ અને તેમના પિતા રૂમશીભાઈએ તેમને રોકતાં મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા નિતેશે બીપીનભાઈના માથામાં કુહાડીનો ઊંધો ભાગ મારી દીધો હતો, જ્યારે સુનીલ અને અંકુશ ચૌધરીએ રૂમશીભાઈને પરાઈ અને લાકડી વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ ચારેય આરોપી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને સારવાર અર્થે નેત્રંગ સરકારી હોસ્પિટલ ખસેડાયા છે. આ અંગે બીપીનભાઈએ ચાર ઇસમ વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### અંકલેશ્વરમાં મોટર ચોરનારા બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, એન.સી.ટી.એલ. કંપનીની ઇલેક્ટ્રિક મોટરની ચોરીમાં સુરતી ભાગોળ વિસ્તારમાં રહેતા શૈલેશ વસાવા અને મિનેશ વસાવા સંડોવાયેલા છે. તેમજ બંને શખ્સો શૈલેશના ઘર સામે આવેલા ખેતરમાં મોટરના સ્પેરપાર્ટ્સ અલગ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બાતમીના આધારે પોલીસે સ્થળ પર વોચ ગોઠવી હતી. દરમિયાન બંને આરોપી પાણી ખેંચવાની ઊભી ઇલેક્ટ્રિક મોટરને ખોલી તેના ભાગો થેલામાં ભરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન બંનેએ ચાર દિવસ અગાઉ નર્મદા ક્લીનટેક કંપનીની બહાર આવેલા નાળામાંથી મોટરની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી ચોરાયેલી ઇલેક્ટ્રિક મોટર કબજે લીધી છે. સમગ્ર મામલે એ-ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



અભિનંદન
બારડોલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી (APMC) ના પ્રમુખપદે બિનહરીફ વરણી થવા બદલ કડોદ નગર તેમજ રાજપૂત સમાજનું ગૌરવ અને પ્રખર સહકારી, રાજકીય, સામાજિક તથા ખેડૂત આગેવાન શ્રી પ્રતાપસિંહ વજેસિંહ દેસાઈ (પીઠાવાલા) ને ખૂબ-ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કાર્યકાળ માટે અનંત શુભેચ્છાઓ.
ખેડૂત હિતાર્થે આપનું નેતૃત્વ સદાય પ્રગતિશીલ રહે તેવી શુભકામના.
લિ.
શ્રી કડોદ વિભાગ સેવા સહકારી મંડળી લિ.
પ્રમુખશ્રી - બાલુભાઈ પી. પ્રજાપતિ, ઉપપ્રમુખશ્રી - કિરણભાઈ ડી. પટેલ, મેનેજર - નરેશભાઈ સી. પટેલ
શ્રી કડોદ વિભાગ નાગરીક ધીરાણ મંડળી લિ.
ઉપપ્રમુખશ્રી - દેસાઈ પીનાકીનભાઈ આર. શાહ, મેનેજર - વિનોદભાઈ ડી. પટેલ
શ્રી કડોદ વિભાગ ફળ અને શા.ઉ. તથા વે.ક. સહકારી મંડળી લિ.
પ્રમુખશ્રી - કેતનકુમાર જે. પટેલ, ઉપપ્રમુખશ્રી - રાજુભાઈ એચ. પટેલ, મેનેજર - સંદિપકુમાર એસ. પારેખ
શ્રી કડોદ વિભાગ ખેતીપાક રૂપાંતર કરનારી સહકારી મંડળી લિ.
પ્રમુખશ્રી - કિરણભાઈ ડી. પટેલ, ઉપપ્રમુખશ્રી - જીજ્ઞેશભાઈ કે. પટેલ, મેનેજર - પ્રફુલભાઈ બી. ખરવાંસીયા
શ્રી કડોદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.
પ્રમુખશ્રી - કેતનકુમાર જે. પટેલ, ઉપપ્રમુખશ્રી - કેતનસિંહ જે. દેસાઈ, મંત્રીશ્રી - અજયસિંહ એ. દેસાઈ
શ્રી કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટી
પ્રમુખશ્રી - કેતનકુમાર જે. પટેલ, ઉપપ્રમુખશ્રી - ઘનશ્યામભાઈ એન. ગાંધી,
ખજાનચી - પિનાકીન રાયચંદ, સહમંત્રી - હિતેન્દ્રસિંહ જે. દેસાઈ, આચાર્ય - સુનિલભાઈ રાજપૂત
બારડોલી ફાર્મર્સ પ્રોડ્યુસ કંપની લિ.
પ્રમુખ શ્રી - કેતનભાઈ જસુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી - રાજુભાઈ હીરાભાઈ પટેલ
તથા તમામ વ્યવસ્થાપકો, સભાસદો તેમજ કર્મચારી ગણ
રાજસ્થાન મિક્ષ આઈસ્ક્રીમ - શ્રી પ્રકાશ જે. જાટ
શ્રી મનિષકુમાર ભરતભાઈ મિસ્ત્રી
શ્રી ચિંતુભાઈ મનહરભાઈ પટેલ - સર્મપણ ટ્રસ્ટ કડોદ • પ્રમુખ શ્રી ધ્વનિ ભાવસાર, મંત્રીશ્રી હાર્દિપ પીઠાવાલા